નામદાર કોર્ટમાં જામીન / આગોતરા જામીન માટેની અરજીઓના કિસ્સામાં તપાસ કરનાર અધિકારીશ્રી દ્વારા નિયત મુદતે હાજર રહેવા બાબત

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ–પરચ/૧૦૨૦૧૧/કોર્ટ–૪૫/ડ
સચિવાલય, ગાંધીનગર,
તા. 11 APR 2011

સંદર્ભઃ– નામ. ગુજરાત હાઈકોર્ટના સરકારી વકીલશ્રીના તા. ૨૩/૩/૧૧ના પત્ર ક્રમાંકઃ–જીપી/૦૩/૧૧/૭૭૨૬

પરિપત્રઃ–

નામદાર કોર્ટોમાં આરોપીઓ દ્વારા જામીન / આગોતરા જામીન માટે અરજીઓ કરવામાં આવે છે. આવી અરજીઓની સુનાવણી દરમિયાન સરકાર પક્ષે સરકારી વકીલશ્રી નિયત મુદતે નામ. કોર્ટ સમક્ષ ઉપસ્થિત થતા હોય છે તથા જે તે કેસમાં સંબંધિત તપાસ કરનાર અધિકારીશ્રીને નિયત મુદતે નામ. કોર્ટ સમક્ષ ઉપસ્થિત રહેવાની જાણ સરકારી વકીલશ્રીના કાર્યાલય દ્વારા સંબંધિત પોલીસ અધિક્ષકશ્રી / પોલીસ કમિશ્નરશ્રીને પોલીસ સ્ટેશન, ગુના રજીસ્ટર નંબર, જામીન અરજી કરનાર આક્ષેપિતનું નામ વગેરે વિગતો સાથે કરવામાં આવે છે કે જેથી કરીને સંબંધિત તપાસ કરનાર અધિકારીશ્રી નિયત મુદતે નામ. કોર્ટ સમક્ષ જરૂરી તમામ કાગળો સહિત ઉપસ્થિત રહી શકે અને સરકારી વકીલશ્રીને કેસ માટે અગત્યની હોય તેવી માહિતી ઉપલબ્ધ કરાવી શકે. પરંતુ ઘણા બધા કિસ્સાઓમાં એવી બાબત ધ્યાન ઉપર આવેલ છે કે જેમાં નામ. કોર્ટ દ્વારા આપવામાં આવતી સૂચનાઓ સંબંધિત તપાસ કરનાર અધિકારી સુધી સમયસર પહોંચાડવામાં આવતી નથી કે તપાસ કરનાર અધિકારીશ્રી પુરતી માહિતી સાથે આવતા નથી, અથવા ઘણા કિસ્સાઓમાં તેઓ સંબંધિત કેસની જાણકાર ન હોય તેવી કોઈ અન્ય વ્યકિતને મોકલી આપે છે. ઘણા કિસ્સાઓમાં સંબંધિત તપાસ કરનાર અધિકારીને સમયસર જાણ થવા છતાં તેઓ નિયત મુદતે અને સમયે હાજર રહેતા નથી કે જરૂરી માહિતી સાથે લાવતા નથી. જેને કારણે સરકારી વકીલશ્રીને નામ. કોર્ટ સમક્ષ સરકારનો પક્ષ રજૂ કરવામાં ખૂબજ મુશ્કેલી પડે છે.

તાજેતરમાં તા. ૧૮/૩/૨૦૧૧ના રોજ ક્રિમી. મીસ.એપ્લીકેશન નં ૨૬૯૦/૨૦૧૧ના કેસમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે આવી બાબતની ગંભીરતાથી નોંધ લીધેલ છે તથા તપાસ કરનાર અધિકારીઓના આવા પ્રકારના વલણ પ્રત્યે ખૂબ નારાજગી વ્યકત કરેલ છે અને ભવિષ્યમાં આવી બાબતનું પુનરાવર્તન થવાના કિસ્સામાં કડક પગલાં લેવામાં આવશે તેમ જણાવેલ છે.

આ એક ગંભીર બાબત છે અને આવી બાબતોનું ભવિષ્યમાં પુનરાવર્તન ન થાય તે માટે આવા પ્રકારના તમામ કિસ્સાઓમાં નીચે જણાવ્યા મુજબની કાર્યપ્રણાલી અનુંસરવાની સૂચના તમામ સંબંધિતોને આપવામાં આવે છે.

૧. નામ. કોર્ટમાં દાખલ થયેલ ક્રિમીનલ અરજીઓ કે જે અરજીઓમાં સરકાર ના સંબંધિત અધિકારીને પક્ષકાર બનાવવામાં આવ્યા હોય અને આ અરજીઓમાં સરકાર પક્ષે બચાવની કાર્યવાહી સરકારી વકીલશ્રી દ્વારા કરવામાં આવતી હોય તેવા તમામ કેસોમાં સરકારી વકીલશ્રીની કચેરી તરફથી

સુનાવણીની તારીખે નામ. કોર્ટમાં ઉપસ્થિત રહેવા અંગેની જાણ કરવામાં આવે ત્યારે કેસના તપાસ અધિકારી કે તપાસ અધિકારીની ગેરહાજરીમાં તેના ઉપરી અધિકારીએ જરૂરી માહિતી સાથે નિયત મુદતે નામ. કોર્ટમાં રૂબરૂ હાજર રહી, સરકારી વકીલશ્રીને કેસની વિગતોથી અવગત કરાવવાના રહેશે.

૨. નામ. કોર્ટના સરકારી વકીલશ્રી દ્વારા જામીન / આગોતરા જામીન અરજીઓની સુનાવણી અંગે જાણ કરવામાં આવે કે તુરતજ આ અંગેની જાણ સંબંધિત તપાસ અધિકારીને કરવામાં આવે તથા તેઓ નિયત મુદતે જરૂરી માહિતી સાથે સરકારી વકીલશ્રીનો સંપર્ક કરે તે જોવાની જવાબદારી પોલીસ કમિશ્નરશ્રી / પોલીસ અધિક્ષકશ્રી અથવા જે અધિકારીશ્રીને આ બાબતની જાણ પ્રથમ કરવામાં આવી હોય તેમની રહેશે.

૩. નામ. ગુજરાત હાઈકોર્ટમાંથી આવી સુચના આપવામાં આવી હોય તેવા કિસ્સાઓમાં ખાસ તકેદારી રાખવાની રહેશે.

૪. ઉપર જણાવેલ આવા કિસ્સાઓમાં તપાસ અધિકારી કે જવાબદાર અધિકારી દ્વારા નિયત મુદતે હાજર રહેવામાં ચૂક કરવામાં આવશે તો તેને સરકારી કામકાજ પ્રત્યે નિષ્ઠાનો અભાવ, બેકાળજી, બેજવાબદારી ગણી શિસ્ત વિષયક કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એચ.જે.બ્રહ્મક્ષત્રિય)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

નકલ પત્ર દ્વારા સવિનય રવાના:-

- નામ. ગુજરાત હાઈકોર્ટના સરકારી વકીલશ્રી, નામ. ગુજરાત હાઈકોર્ટ, સોલા, અમદાવાદ તરફ તેઓના ઉપર જણાવેલ પત્ર સંબંધે પ્રસ્તુત પરિપત્ર અંગે નામ. કોર્ટને વાકેફ કરવાની વિનંતી સહ

નકલ રવાના:-

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન ગાંધીનગર તરફ પ્રસ્તુત પરિપત્ર તેઓશ્રીની કચેરીના તમામ અધિકારીશ્રીઓમાં પરિપત્રિત કરવાની વિનંતી સહ
- સર્વે રેન્જ અધિકારીશ્રીઓ,
- સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ
- સર્વે પોલીસ અધિક્ષકશ્રીઓ
- અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, ગૃહ વિભાગ સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(કાયદો અને વ્યવસ્થા)ના અંગત સચિવશ્રી, ગૃહ વિભાગ સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, ગૃહ વિભાગ સચિવાલય, ગાંધીનગર
- સી.આઈ.ઓ., ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વેબસાઈટ ઉપર મુકવાની વિનંતી સહ
- સર્વે અધિકારીશ્રીઓ, ગૃહ વિભાગ સચિવાલય, ગાંધીનગર
- સર્વે શાખાઓ, ગૃહ વિભાગ સચિવાલય, ગાંધીનગર